ભાજપ દ્વારા પ્રદેશ કારોબારી જાહેર, સાબરકાંઠા-અરવલ્લીને સ્થાન મળ્યું

પૂર્વ મંત્રી રમણલાલ વોરા, સાંસદ રમીલાબેન બારા, પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, જયસિંહ ચૌહાણ પ્રદેશ આમંત્રિત સભ્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા પ્રદેશ કારોબારી, પ્રદેશ આમંત્રિત અને પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યોની જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ કારોબારી જાહેર થઈ છે તેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાને સ્થાન મળ્યું છે. સાબરકાંઠા ભાજપ સંગઠનના પૂર્વ પ્રમુખ તખતસિંહ હડીયોલ, માલપુર-મેઘરજના પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમારને પ્રદેશ કારોબારીમાં સભ્ય તરીકે સ્થાન મળ્યું છે. પ્રદેશ આમંત્રિત સભ્યમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરા, પૂર્વ સાંસદ ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર. જ્યારે પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યમાં પૂર્વ સાંસદ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારા, શામળભાઈ મૂળચંદભાઈ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

હાઈસ્કુલના કર્મચારીઓને ગરમી લાગે, પ્રા.શિક્ષકોને કેમ ન લાગે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ ઉત્તર ગુજરાતમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને આંબ્યો છે. તા.૧ એપ્રિલથી ઉત્તર ગુજરાતની બિનસરકારી અનુદાનિત માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સમય સવારનો કરવામાં આવ્યો છે. જ્યારે સરકારી પ્રા.શાળાઓમાં માર્ચ મહિનાની જેમ જ સમય સવારે ૧૦-૩૦ થી સાંજના ૫-૦૫ નો કરાતાં રાજ્યનો શિક્ષણ વિભાગ હાઈસ્કુલના કર્મચારીઓને ગરમી લાગે, પ્રા.શિક્ષકોને ગરમી ન લાગે..?? તેવા માપદંડ તો નથી બનાવ્યા ને..?? તેવા સવાલ કરી ઉગ્ર રોષ ઠાલવી રહ્યા છે. ઉત્તર ગુજરાતની ૯૦૦૦ પ્રા.શાળાઓના શિક્ષકોએ ગરમી અને વર્તમાન સ્થિતિને ધ્યાને રાખી અગાઉના વર્ષોની જેમ જ એપ્રિલ-મે. મહિનામાં શાળાનો સમય સવારનો રાખવાની માંગ કરી છે. શિક્ષકોનો વધતો રોષ જોઈ શિક્ષણ વિભાગ સોમવાર કે મંગળવારે શાળાનો સમય બદલવાનો નિર્ણય લે તેવી પ્રબળ સંભાવના છે.

ઉત્તર ગુજરાતમાં હાઈસ્કુલ અને પ્રા.શાળામાં શિક્ષણના અલગ અલગ સમયથી રોષ ચરમ સીમાએ : ગ્રાન્ટેડ પ્રા.શાળાઓનો સમય સવારનો કરવા ઉગ્ર માંગ, સોમવાર-મંગળવારે નિર્ણયની સંભાવના..!!

સરકાર અને વહીવટી તંત્ર કોરોનાથી છેલ્લા ૧૪ મહિનાથી ઘેરાયું છે અને તેમાંય ખાસ કરીને પ્રા.શિક્ષકોનો આક્રોશ સરકાર સામે આવે ત્યારે સરકારની અનેક કામગીરીમાં વિટંબણાઓ ઉભી પણ થઈ શકે છે. કાળઝાળ ગરમી અને કોરોનાના રૌદ્ર સ્વરૂપમાં પણ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ આપતા પ્રા.શિક્ષકોના આરોગ્યની દરકાર કરવામાં ખાસ કરીને પ્રા.શિક્ષણ વિભાગ સરીઆમ નિષ્ફળ ગયાની છબી ઉભી થઈ છે. દર વર્ષે એપ્રિલ મહિનામાં શાળાનો સમય સવારનો થતો હતો પરંતુ આ વર્ષે કોઈપણ કારણોસર શાળાનો સમય સવારનો ન કરાતાં બપોરની શાળાઓમાં ખાસ કરીને અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા, વારંવાર વીજળી ડૂલ થવી, અનેક શાળાઓમાં ઓરડાની ઘટ, કેટલીક શાળામાં પી.વી.સી. ઓરડાના કારણે શિક્ષકો અને ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ ત્રાહીમામ પોકારી ઉઠતા હોય છે. માનવીય અભિગમ દાખવીને પણ શાળાઓ સવારની રાખવી જોઈએ અને તેમાં કોઈ નવો કાયદો લાવવાનો ન હતો. વર્ષોથી ચાલી આવતી સવારની શાળાની પરંપરા જાળવી રાખવાની હતી પરંતુ પ્રા.શિક્ષકોને પોતાના દુશ્મન તરીકે જોતા વિભાગના મુખીયાઓએ ફરી એકવાર કાળઝાળ ઉનાળામાં શિક્ષકોનો પિત્તો જાય તેવો નિર્ણય લેતાં તેનો રોષ ચરમસીમાએ છે. વિભાગ બાંધી મૂઠી લાખની સમજીને સવારની શાળાઓ નહીં કરે તો ગુરૂદેવો સ્વયં આ મામલે જિલ્લામાં મોરચો માંડે તેવા સ્પષ્ટ સંકેત સામે આવ્યા છે.

પ્રા.શિક્ષક વિશેષ

મદાપુર સરકારી પ્રા.શાળાના આચાર્યનો અનોખો અભિગમ, ખાનગી શાળા જેવી સવલત

ધો.૧ માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટમાંથી ૩ સાયકલ વસાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ કોરોનાનો કપરો કાળ અને ગુણવત્તા યુક્ત શિક્ષણમાં સફળ રહ્યાના પ્રા.શિક્ષણ વિભાગના દાવામાં તથ્ય હોય તેમ જિલ્લાના હજારો વિદ્યાર્થીઓ, વાલીઓ ખાનગી શાળાથી મોહભંગ થઈ સરકારી પ્રા.શાળામાં શિક્ષણ માટે સામેલ થયા છે. મોડાસા તાલુકાની

મદાપુર પ્રાથમિક શાળાના આચાર્ય સ્મિતાબેન જીતેન્દ્રકુમાર સોની દ્વારા ખાનગી શાળા જેવી સવલતનો અનોખો અભિગમ અપનાવ્યો અને મહેનત ધીરે ધીરે રંગ લાવી રહી છે. ગુણોત્સવ કાર્યક્રમમાં એ-પ્લસમાં શાળાનો સમાવેશ થયા પછી આવેલી ગ્રાન્ટમાંથી ૩ સાયકલ વસાવી. ધો.૧ માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે શાળાનું વાતાવરણ આકર્ષિત પૂરવાર થાય તેવા પ્રયાસ શરૂ થયા. શાળાની ઓચિંતિત મુલાકાતે આવેલા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલે પણ મદાપુર પ્રા.શાળાના મુખ્ય શિક્ષકના અભિગમને બિરદાવ્યો અને તેથીય આગળ વધી સોશ્યલ મીડીયાના માધ્યમથી અનેક શિક્ષકો સુધી નવા અભિગમને પહોંચાડ્યો છે.

શિક્ષકોનું વારંવાર સન્માન થાય તો પણ ઓછું કારણ કે સાચી કેળવણીના હક્કદાર જ ગુરૂજનો છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી ગુરૂજનોનું યેનકેન પ્રકારે અપમાન તેમના પડતર પ્રશ્નો ઉકેલાતા નથી અને શિક્ષણ સિવાયની કામગીરી સાચા કર્મયોગી પ્રા.શિક્ષકો માટે વેદના સભર બની ગયા છે. કોરોનાના કપરા કાળમાં શિક્ષકોએ સરકાર અને તેના વિભાગોએ આપેલી અન્ય કામગીરીની સાથે ધો.૧ માં વધુમાં વધુ વિદ્યાર્થી સરકારી શાળામાં પ્રવેશ મેળવે તેવા પ્રયાસોને પણ સફળ બનાવ્યા છે. ગુણોત્સવના અગાઉ કાર્યક્રમો યોજાયા જેમાં મદાપુર પ્રા.શાળા તમામ માપદંડોમાં ખરી ઉતરી અને એ-પ્લસ ગ્રેડ મેળવ્યો. ગુણવત્તાયુક્ત શિક્ષણમાં અગ્રહરોળનો ગ્રેડ મેળવનારી શાળાઓને વિશેષ ગ્રાન્ટ આપવામાં આવી. મદાપુર પ્રા.શાળાના મુખ્ય શિક્ષકે એ-પ્લસ અંતર્ગત મળેલી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ કરવા નિર્ણય કર્યો અને શાળામાં ૩ સાયકલ વસાવી ગામડાનું બાળક પ્રા.શાળાના ઉંબરે પગ મૂકે એટલે સાયકલ જોઈને મલકાય અને ધીરે ધીરે અભ્યાસ પ્રત્યે રૂચિ કેળવે તેવો અભિગમ મદાપુર પ્રા.શાળામાં સફળ રહ્યો. શિક્ષણ વિભાગના અધિકારીની ઓચિંતિ મુલાકાત દરમ્યાન શાળાના વર્ગખંડમાં સાયકલ નિહાળી અને ઉત્સુકતાથી પૂછતાં મુખ્ય શિક્ષકે તેનું પ્રયોજન જણાવ્યું. ગામડાનું બાળક શાળામાં આવી સાયકલીંગ કરે અને ખાનગી શાળા જેવો અનુભવ કરે. વાહ, કેવો વિચાર. આવા શબ્દો પ્રા.શિક્ષણાધિકારીના મુખેથી સરી પડ્યા.

કોરોનાનું ગ્રહણ : સાબરકાંઠા, અરવલ્લીમાં શાળાઓ બંધ હોવાથી ૧૫૦૦ સ્કુલ વર્ધી વાહન માલિક બેકાર

સરકાર રાહત પેકેજ આપે તેવી માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ કોરોનાના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શાળાઓમાં મોટાભાગના વર્ગોનું પ્રત્યક્ષ શિક્ષણ બંધ છે. જ્યાં શિક્ષણ ચાલુ છે ત્યાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી છે. કોરોનાના કારણે શાળાઓ બંધ હોવાથી ૧૫૦૦ થી વધુ સ્કુલ વર્ધી વાહન માલિક બેકાર થઈ ગયા છે. સ્કુલ વર્ધીના આધારે લોન કરીને વાહન ખરીદ્યું પરંતુ હવે હપ્તા ભરવાની પણ મુસીબત અનુભવી રહ્યા છે. જેથી સરકાર દ્વારા સ્કુલ વર્ધી વાહન માલિકો માટે રાહત પેકેજ અપાય તેવી માંગ થઈ છે. શિક્ષણ હોય કે પછી પ્રવાસન સ્થળો તેના ઉપર અનેક લોકોને રોજગારી મળતી હોય છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો શિક્ષણનું હબ ગણવાની સાથે શિક્ષકો ઉત્પાદન કર્તા જિલ્લા તરીકે પણ નામના મેળવી છે. ગત માર્ચ-૨૦૨૦થી કોરોનાનું સંક્રમણ વધતાં શાળાઓમાં શિક્ષણ કાર્ય બંધ કરવામાં આવ્યું છે જે ડિસેમ્બર-૨૦૨૦ સુધી ચાલ્યું. જાન્યુઆરીમાં ધો.૧૦-૧૨ ના વર્ગો શરૂ થયા પરંતુ કોરોનાના ડરના કારણે વાલીઓએ પોતાના સંતાનોને શાળામાં મોકલવામાં ચિંતા અનુભવી. ત્યારબાદ ક્રમશઃ ધો.૬ થી ૮ અને ધો.૯-૧૧માં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું તેમાં પણ માંડ ૩૦ થી ૪૦ ટકા હાજરી જોવા મળી. સાબરકાંઠા, અરવલ્લીમાં શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓ લઈ આવતી અને મૂકવા જતા ૧૫૦૦ થી વધુ રીક્ષા, વાન, સ્કુલબસ માલિકોને શાળાઓ બંધ હોવાના કારણે આવક બંધ થઈ ગઈ છે. જે શાળાઓમાં ધો.૬ થી ૧૨ નું પ્રત્યક્ષ શિક્ષણ ચાલી રહ્યું છે તેમાં વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે સ્કુલ વર્ધીના વાહનોને પણ ઓછા વિદ્યાર્થીઓ મળે છે જેથી ડીઝલનો ખર્ચો કાઢવો પણ મુશ્કેલ બન્યો છે. આ બધા સંજોગોમાં રાજ્યની સંવેદનશીલ સરકાર સ્કુલ વર્ધી વાહન માલિકો માટે મહત્વનું પેકેજ જાહેર કરી તેમને વ્યાજના વિષચક્રમાંથી બચાવી લે તેવી અનેક વાહન માલિકોએ માંગ કરી છે.

જેઠીપુરા ગ્રામ પંચાયતની પંડિત દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર માટે પસંદગી

ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર રાજ્યની પ્રથમ પંચાયત : ગામડાનો આત્માને શહેરની સુવિધા એટલે જેઠીપુરા ગ્રામ પંચાયત...

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૩ ઈડર તાલુકા ની જેઠીપુરા

ગ્રામ પંચાયત ને વર્ષ ૨૦૨૦-૨૧ નો પંડિત દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર માટે ફરી એક વખત પસંદગી થવા પામી છે,ચાલુ વર્ષે આ રાષ્ટ્રીય એવોર્ડ પ્રસંદગી પામતા ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ મેરવનાર જેઠીપુરા ગ્રામ પંચાયત

રાજ્ય ની પ્રથમ પંચાયત બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

આ અંગે જેઠીપુરા ગ્રામ પંચાયતના સરપંચ અહેસાનઅલી ભટ્ટે વિગત આપતાં જણાવ્યુ કે વર્ષ ૨૦૧૮-૧૯ માં પંડિત દિનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ અને નાનાજી દેશમુખ ગૌરવ ગ્રામસભા બે રાષ્ટ્રીય એવોર્ડ મેળવનાર એકમાત્ર પંચાયત હતી. પુરસ્કારથી મળેલ રાશિથી ગામના વધુ કામો કરવામાં સહુલિયત બની રહી હતી. તેમણે જણાવ્યુ કે ગામમાં એક પણ સફાઈકર્મી નથી તેમ છતાં ગામમાં આંતરિક માર્ગો પર કે કોઈના ઘર આગળ કે અન્ય જગ્યાએ સ્હેજ પણ ગંદકી કે કચરો જોવા નહી મળે. ગામની મહિલાઓ સ્વચ્છતાનું બહુ ધ્યાન રાખે છે અને પંચાયત દ્વારા ડોર ટુ ડોર ટ્રેક્ટર મોકલી કચરો એકત્ર કરી ડમ્પીંગ સાઈટ પર નાખવામાં આવે છે. ગામમાં એકપણ ઉકરડો નથી.

૧૩૦૦ થી વધુની વસ્તી ધરાવતા ગામમાં એક સમાન વિકાસ જોવા મળશે ગામની દૂધમંડળી, સેવા સહકારી મંડળી કે પંચાયત એક પણ સંસ્થામાં પંચાયત અસ્તિત્વમાં આવ્યા બાદ ચારેક દાયકાથી ચૂંટણી થતી નથી ગામના અગ્રણીઓ ૧૫ મિનીટમાં સર્વસંમતિથી નિમણુંક કરે છે. ગામમાં ગૌચર અને ખરાબાની જગ્યા ન હોવાથી ગામથી ૩ કિમી દૂર ભાડે જગ્યા રાખી છે અને ગ્રામજનોને ભાડેથી ઉકરડા માટે

જગ્યા અપાય છે. ગામમાં એક પણ બાળક કૂપોષિત નથી. ગ્રામજનોને આરોગ્ય વિષયક સેવાઓ મળી રહે તે માટે નિષ્ણાત તબીબની ઉપલબ્ધિ સાથે અદ્યતન હોસ્પિટલ પણ બનાવાઈ છે. યુવાનો માટે રિસર્ચ માટેની સુવિધાઓ સાથે લાયબ્રેરી પણ છે. ગામમાં સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય, રોજગારી તમામ બાબતોને સાંકળી લેવામાં આવી છે જેને કારણે વર્ષ ૨૦૨૦-૨૧ માટે ફરી એકવાર રૂ.૧૧ લાખની પુરસ્કૃત રાશિ ધરાવતા પંડિત દિનદયાળ પુરસ્કાર જેઠીપુરા ગામને મળ્યો છે. જેનો શ્રેય તલાટી અને પંચાયતના સદસ્યોને આપવાનુ ચૂક્યા ન હતા.

જેઠીપુરા ગામની વિશેષતાઓ

- ગામમાં ૨૪ કલાક પાણીની સુવિધા
- પાણીના મીટર લગાવવાની કામગીરી ચાલુ
- એન્ટ્રી - એક્ઝિટ ગેટ બનાવવાનુ ચાલુ
- ફળીયે ફળીયે વૃક્ષારોપણ કરી ગામને પણ હરિયાળુ બનાવવું
- ચાર દાયકાથી ચૂંટણી જ થતી નથી
- પર્યાવરણ જતન માટે કમિટી બનાવી
- ગામમાં રિસર્ચ સેન્ટર છે જ્યાં જુદા જુદા વિષયો પર સંશોધન કરવા
- વિવિધ ભાષાઓમાં પુસ્તકો ઉપલબ્ધ
- ડ્રીપ ઈરીગેશન થકી બાગાયત ખેતી
- ૧૦૦ ટકા નળ કનેક્શન, સ્ટ્રીટલાઈટ
- સીસીટીવી કેમેરા, વાઈફાઈ સુવિધા

લૂંટેરી દુલ્હન : વડાલીના યુવાનને પરણેલી દુલ્હન દાગીના સાથે ફરાર

૭ જણ સામે છેતરપીંડીની ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ જિલ્લામાં લૂંટેરી દુલ્હનના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠા જિલ્લાના વડાલીના દિપુલ મહેન્દ્રભાઈ રાવલને કન્યા લઈ આપવા માટે દલાલોએ દાપા પેટે રૂા.૧,૩૫,૦૦૦ લઈ કન્યા લઈ આપી હતી જે દોઢ મહિનામાં જ સોના-ચાંદીના દાગીના સહિત રૂા.૪૪ હજારના દાગીના પહેરી ફરાર થઈ જતાં મામલો વડાલી પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. પોલીસે ૭ આરોપીઓ વિરૂદ્ધ વિશ્વાસઘાત-છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ વડાલીના ધોબી ફળીમાં રહેતા દિપુલ રાવલને લગ્ન કરવા માટે કન્યા શોધી આપવા માટે વડાલીના જાવેદભાઈ આદમભાઈ મનસૂરી અને રસીદભાઈ ઉર્ફે લાલાભાઈ કાદરભાઈ મનસૂરીએ વિશ્વાસ અપાવ્યો હતો અને કન્યા લાવી આપવાના દાપા પેટે નક્કી થયેલી રકમ રૂા.૧,૩૫,૦૦૦ રોકડા આપ્યા હતા અને દિપુલ રાવલને જેની સાથે પરણવાનું હતું તે શુભાંગી ભોજરાજ લોનારે (રહે.ચંદ્રભાણનથ્થુ, મહારાષ્ટ્ર)ને સોના-ચાંદીના રૂા.૪૪ હજારના દાગીના પહેરાવ્યા હતા. પરણ્યા પછી દુલ્હને સુરત જવાનું બહાનું કાઢી અન્ય સાગરીતો તેને મોટરસાયકલ ઉપર બેસાડીને લઈ ગયા હતા અને પરત ન ફરતાં તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે પોતાની સાથે વિશ્વાસઘાત-દગો થયો છે. આ મામલે વડાલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આરોપીઓ..

- જાવેદભાઈ આદમભાઈ મનસૂરી
- રસીદભાઈ ઉર્ફે લાલાભાઈ કાદરભાઈ મનસૂરી (બંન્ને રહે.વડાલી)
- શારદાબેન કોદરભાઈ પરમાર (રહે.મૌછા, તા.પ્રાંતિજ)
- ચંદ્રરામાણી આર. તિવારી
- દામાતેજપાલ નેણસીંગભાઈ (રહે.જલેશ્વર વસ્તુભંડાર, જામનગર)
- ભરતભાઈ (રહે.સાયણગામ, સુરત)
- શુભાંગી ભોજરાજ લોનારે (રહે.ચંદ્રભાણનથ્થુ, વાસનીક રેલવે સ્ટેશન રોડ, નાગપુર)
- શ્વેતા ચૌધરી

ધનસુરા ગામમાં રસીકરણ અભિયાનમાં લોકો સ્વંય જોડાયા

ધનસુરા, તા. ૩ ધનસુરા ગામ માં રસીકરણ અભિયાન માં લોકો સ્વંય જોડાયા હતા સ્વામિનારાયણ સોસાયટીમાં માં ભરતભાઈ એસ પટેલ ના ઘરે રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો

જેમાં આજુબાજુ ની સોસાયટી ના લોકો એ રસી મૂકાવી હતી ધનસુરા માં ૪૫ વર્ષ થી ઉપરના દરેક લોકોને રસી આપવા માટે કેમ્પ નું આયોજન કરાયું હતું

આ રસીકરણ માં ૬૦ થી વધુ લોકોએ રસી મુકાવી હતી આરોગ્ય તંત્ર ધ્વારા યુધ્ધ ના ધોરણે રસીકરણ કરવામાં આવી રહ્યું છે

પોલીસની ધાક તળીયે : મેઘરજના મૂડશીમાં વિશ્વ હિન્દુ પરીષદના પ્રમુખનું બાઈક સળગાવ્યું

ગંભીર બનાવ હોવા છતાં તપાસમાં ફીફાં ખાંડતી મેઘરજ પોલીસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ અરવલ્લીમાં પોલીસની ધાક તળીયે અને અસામાજીક તત્વો બેફામ બની રહ્યા છે. મેઘરજના મૂળશીમાં જિલ્લા વિશ્વ હિન્દુ પરીષદ પ્રમુખ કાળુભાઈ ડામોરનું બાઈક ઉઠાવી સળગાવી દીધાની ચકચારી ઘટના પ્રકાશમાં આવતાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. બનાવના ૨૪ કલાક પછી પણ પોલીસ તપાસમાં ફીફાં ખાંડી રહી છે. તપાસ દરમ્યાન વિગતો મળશે એટલે નામ જોગ ફરિયાદ લેવાનો પોલીસે રાગ આલાપ્યો છે. તપાસમાં પોલીસની ઢીલી નીતિ જિલ્લામાં પરીષદના કાર્યકરોને ઉશ્કેરી શકે છે.

શામળાજી અને મેઘરજ પોલીસ સ્ટેશનની હદના કારણે સમગ્ર પોલીસ તંત્રની છબી જિલ્લામાં ખરડાઈ છે. અગાઉ મેઘરજના પી.એસ.આઈ.એ બુટલેગર પાસે પૈસા અને દારૂની બોટલ માગ્યાની ઓડીયો ક્લિપ વાયરલ થતાં ખળભળાટ મચ્યો હતો. તપાસના નામે પોટલું કઈ અભરાઈ ઉપર મૂકવામાં આવ્યું તેનો આજદિન સુધી પત્તો નથી. ગત રોજ જિલ્લા વિશ્વ હિન્દુ પરીષદ પ્રમુખનું બાઈક કેટલાક અસામાજીક તત્વો તેમના ઘરેથી ઉઠાવી ગયા હતા અને ત્યારબાદ સળગાવેલી હાલતમાં બાઈક મળી આવતાં અનેક લોકો આ સમગ્ર ઘટનાને અનેક રીતે મૂલવી રહ્યા છે. બનાવની ભીંતરમાં જે કંઈપણ હોય પરંતુ વિશ્વ હિન્દુ પરીષદના મુખીયાના વાહનની સલામતી ન હોય તો પછી આ વિસ્તારની ગ્રામ્ય પ્રજાની સલામતીનું શું..?? આવા અનેકવિધ સવાલોએ ફરી એકવાર ખાખી વર્દીને ઘેરી લીધી છે.

અમારી રીતે તપાસ કરી નામજોગ ગુનો નોંધશું : ઈન્ચાર્જ પી.આઈ.

બાયડ : મેઘરજ તાલુકાના મૂળસી ગામે વિશ્વ હિન્દુ પરીષદના જિલ્લા પ્રમુખનું બાઈક સળગાવવાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. મેઘરજ ઈન્ચાર્જ પી.આઈ., એમ.ડી.પંચાલનો સંપર્ક કરતાં હજુ સુધી આ અંગે કોઈ ફરિયાદ આપવામાં આવી નથી પરંતુ અમે તપાસ કરીને આરોપીઓના નામ જોગ ટૂંકમાં ગુનો નોંધશું તેમ જણાવ્યું હતું.

ધનસુરામાં ૪૫ વર્ષથી ઉપરના લોકોનું રસીકરણ શરુ કરવામાં આવ્યું

ધનસુરા, તા. ૩ ધનસુરા માં ૪૫ વર્ષથી ઉપર ના લોકોનું રસીકરણ શરુ કરવામાં આવ્યું હતું. તારીખ ૩-૪-૨૦૨૧ના રોજ કોરોના ની વેક્સિન રસીકરણ માટેનો પ્રોગ્રામ ડૉ.શિરીષ ભાઈ ના દવાખાને રાખેલ હતો જેમાં ૪૫થી વધુ વયના નાગરિકો જોડાયા હતા. તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ રૂપલબેન બ્રહ્મભટ્ટ તથા પૂર્વ ભાજપ ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ,તાલુકા પંચાયત સદસ્ય પુષ્પાબેન જીતેન્દ્રભાઈ ઠાકોર, પૂર્વ તાલુકા સદસ્ય દુધીબેન દિનેશભાઈ સોનેરી, ભાજપના સક્રિય કાર્યકર દિનેશભાઈ સોનેરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડો.શિરીષ ભાઈ શાહ તથા ડો. મીત શાહ દ્વારા સફળ કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

કાવ્ય અક્ષયકુમાર અમીન
બાયડ

કમલેશભાઈ એમ. પટેલ
વસાદરા, તા.બાયડ

ભાવેશ એમ. દરજી
બાયડ

ચેતન તિરથાણી
(રમેશ પેલેસ)
મોડાસા

ડૉ.સુચિત પટેલ
બાયડ